હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



તુ તારે રોજ દહીંવડા-દહીપુરી-દહીચાટ શ્રીખંડ બનાવજે... ભાવ વધારો જોતા બચત તો થાય એમજ નથી...!!!

શહેરના સેકટર-૨બી બંધ મકાનમાંથી રૂ.૧૫ લાખની ચોરી

તસ્કરો ઘરમાં પ્રવેશી કબાટ અને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, રૂ.૩ લાખ રોકડ લઈ ફરાર,

ગાંધીનગર, તા.૨૧

શહેરના સેકટર-૨ બી ભરચક વિસ્તારમાં બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ઘરમાંથી રૂ.૧૫ લાખનો હાથફેરો કર્યો છે. તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી મંદિર અને બેડરૂમમાં રહેલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રૂ.૩ લાખ રોકડ સહિત રૂ. ૧૪, ૯૯, ૧૦૦ લાખની મત્તા લઈ ચોર શખ્સો નાસી ગયા છે. શહેરના સેકટર-૨ વિસ્તારમાં ચોરી થતા સ્થાનિક વસાહતીઓ પણ ભય અનુવભી રહ્યા છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ વિસ્તારમાં આવેલા અક્ષત હેવન સી.૫૦૩ ખાતે રહેતા સની ચંદુભાઈ સુથાર કન્સ્ટ્રકશનના વેપાર સાથે સંકળાયેલ છે. જયારે તેમના માતા-પિતા સેકટર-૨ બી પ્લોટ નં.૩૨૩-૨ ખાતે રહે છે. છેલ્લા દોઢ માસથી ફરીયાદીના માતા-પિતા વિદેશમાં બહેનના ઘરે ગયા છે. જેથી સેકટર-૨ માં આવેલ મકાન બંધ રહેતુ હોવાથી ફરીયાદી આવનજાવન કરતા હતા. ત્યારે ગત તા.૧૭ ના જુલાઈના રોજ પ્લોટ નં.૩૨૩-૨ ખાતે સની સુથાર આવ્યા હતા અને સાંજના મોડે સુધી રોકાયા હતા. ત્યારબાદ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં મુખ્ય દરવાજાને ઈન્ટરલોક મારી સ્ટોપર બંધ કરી તાળાથી લોક મારી સરગાસણ જતા રહ્યા હતા. જયારે ગત તા.૨૦ ના રોજ બપોરે આવીને જોયુ તો લાકડાનો પ્રથમ જાળીવાળો દરવાજાની સ્ટોપર બંધ હતી.મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક બંધ હતું. જેથી ઘરમાલિકે દરવાજાનું સ્ટોપર ખોલી ઈન્ટરલોક ખોલીને જોતા દરવાજાની જમણી બાજુ આવેલી લાકડાની બારી ખુલ્લી હતી. જયારે તેની પાછળ લાકડાનું પાટીયુ નિયત જગ્યા પરથી થોડુ ખસેડાયેલુ હતું. જેને પગલે ઘરની અંદર મંદિરવાળા રૂમમાં જોતા લોખંડની તિજોરી અને લાકડાના કબાટ ખુલ્લા હતા. જયારે તેમા રહેલો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. તિજોરીના ડ્રોવર પણ અસ્તવ્યસ્ત પડ્યા હતા. જેથી ફરીયાદીએ માતા-પિતાને ફોન કરી પુછતા જણાવ્યું કે સોનાની બુટ્ટી નંગ-૧, સોનાની ચેઈન નંગ-૧, સોનાનું પેંડલ, ૨૫ નંગ ચાંદીના સિકકા, સોનાના સિક્કા નંગ-૪, ચાંદીની થાળી, ભગવાનની સોનાની ચેઈન અને મુઘટ, ચાંદીની ડીશો નંગ-૬, ચાંદીની તરભાળી નંગ-૨, ચાંદીના ગ્લાસ નંગ-૬, સોનાનું છત્ર, બે નંગ ચાંદીની લગડી, મોબાઈલ ફોન અને ટેબલેટ, તેમજ રૂ.૩ લાખ રોકડ મળી કુલ રૂ.૧૪,૯૯,૧૦૦ ની મત્તાની ચોરી થવા પામી છે. શહેરના ભરચક સેકટરમાં તસ્કરોએ બંધ મકાનમાં ઘુસીને ચોરીને અંજામ આપતા સ્થાનિક વસાહતીઓમાં પણ ભયનો માહોલ સર્જાયો છે. જયારે બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે સની સુથારે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ખૂણેખાંચરેથી

- કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મહાત્મા મંદિર ખાતે આજથી દ્વિ દિવસીય વર્કશોપની તૈયારીઓમાં તંત્ર વ્યસ્ત બન્યું.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના ભાજપી સભ્યોની આજે એક મહત્વની બેઠક રેતી-કાંકરીની ગ્રાન્ટને લઈ મળી હતી.
- ગાંધીનગર શહેરમાં આજે ૨૩૫૦થી વધુ લોકોને કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા.
- આજે કોંગ્રેસ દ્વારા સી.બી.આઈ.ની કચેરી સે. ૧૦ ખાતે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરની હાજરીમાં ધરણા અને દેખાવો યોજાશે.
- શહેર ભાજપના મહિલા મોરચા દ્વારા રામજી મંદિર ઈન્દ્રોડા ખાતે કુપોષિત બાળકોને પોષણયુક્ત આહારનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- ગુજરાત સંગીત નાટક અકાદમી અને સંસ્કૃતિના સંયુક્ત ઉપક્રમે અડિખમ ગુજરાતની ગૌરવ ગાથા વ્યક્ત કરતા ગીતો અને નૃત્યોનો કાર્યક્રમ ૨૪ જુલાઈના રોજ સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવાના સે. ૧૨ સ્થિત હોલમાં યોજાયો છે.
- પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે તેમનો જન્મદિવસ સાદગી અને સાદાઈથી મનાવ્યો હતો.
- આજે ગાંધીનગર ખાતે ૪૬મી નેશનલ ગેમ્સના લોગોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મહાત્મા મંદિર ખાતે અનાવરણ કરાશે.
- લાયન્સ અને લીયો ક્લબ દ્વારા જાસપુર ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો તેમજ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતું.
- જે.એમ. ચૌધરી શાળાના ધો. ૧ થી ૮ના બાળકો દ્વારા જલપાન દિવસની ઉજવણીનું અનોખુ આયોજન કરાયુ હતું.
- દહેગામ તાલુકાના પાલૈયા ખાતે આવેલ જ્ઞાન યજ્ઞ વિદ્યાલય દ્વારા પ્રશ્ન મંચનું આયોજન કરાયુ હતુ.

પર્લ અજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત રક્તદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૨૧

પર્લ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગાંધીનગર હોમિયોપેથીક મેડિકલ કોલેજ દ્વારા રક્તદાનો કેમ્પ યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમ સંસ્થાના ચેરમેન પ્રવીણભાઈ ગોહિલ, મેનેજીંગ ડિરેક્ટર વિશાલ જાદવ, ટ્રસ્ટીઓ તથા પ્રિન્સિપાલ ડૉ. શશાંક કોઠારીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું.

કોબા પાસે રીક્ષાને પાછળથી અજાણ્યા વાહને ટક્કર મારતા એકને ઈજા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-કોબા માર્ગ પર જૈન આરાધના કેન્દ્ર પાસે રીક્ષાની પાછળના ભાગે કાર ચાલકે ટક્કર મારતા રીક્ષા સાઈડમાં નીચે ઉતરી વિજપોલ સાથે ટકરાઈ હતી. અકસ્માતમાં રીક્ષા ચાલક અને મુસાફરોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વાવોલ ગામે રહેતો નરેશ નાડીયા રીક્ષા ચલાવે છે અને પાટનગરમાં હોમગાર્ડમાં તરીકે પણ સેવા આપે છે. ગત તા.૧૭ જુલાઈના રોજ સવારના આઠ વાગ્યાના અરસામાં ઉબેરમાંથી સેકટર-૨ સી ખાતેથી બે મુસાફરોને અમદાવાદ નવરંગપુરા લઈ જવાની વર્ધી મળી હતી.

જેથી રીક્ષા ચાલક યુવક અમદાવાદ જવા માટે રવાના થયો હતો. ચ-૦ થી શાહપુર સર્કલ થઈ કમલમ કટ થી આગળ જૈન આરાધના કેન્દ્ર બસ સ્ટેન્ડ પાસે રોડ પરથી રીક્ષા પસાર થઈ રહી હતી. તે સમયે રીક્ષાને પાછળના ભાગે થી કોઈ અજાણી કારના ચાલકે ટક્કર મારી હતી. જેથી રીક્ષા રોડની સાઈડમાં ઉતરી ગઈ હતી અને ઈલેકટ્રીકના થાંભલા સાથે ટકરાઈ હતી. અકસ્માતમાં રીક્ષા ચાલકને પગે તેમજ પાછળના ભાગે બેઠેલા મુસાફરોને પણ ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. ૧૦૮ ને કોલ કરતા આવી જતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં રીક્ષા ચાલકને પગે ઈજા હોવાથી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. બનાવ અંગે રીક્ષા ચાલક નરેશ નાડીયાએ અજાણી કારના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

મેડીકલ કોલેજ હોસ્ટેલમાં લાઈટ-પંખા નંખાતા વિદ્યાર્થીઓને રાહત

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલી મેડીકલ કોલેજની ગર્લ્સ, બોઈઝ અને પીજી તબિબિ વિદ્યાર્થીઓની હોસ્ટેલમાં કેટલાક રૂમમાં પંખા અને લાઈટો ડુલ હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી હતી. તેમ છતા તંત્ર દ્વારા તેનું નિરાકરણ આવતું ન હતું. પરંતુ સમાચારમાં આવતા જ હોસ્ટેલમાં આજે સવારથી જ કામગીરી શરુ થઈ ગઈ હતી. પીઆઈયુના ઈલેક્ટ્રીક વિભાગ દ્વારા તાત્કાલીક કંઈ કંઈ જગ્યા પર લાઈટો બંધ છે અને ત્રણેય હોસ્ટેલમાં મળીને કેટલા પંખા બંધ છે તે ચેક કરીને કામગીરી શરુ કરી દીધી હતી. ત્યારે સાંજ પડતા ત્રણેય હોસ્ટેલમાં મળીને કુલ ૧૫ થી વધુ નવા પંખા નાંખ્યા છે અને જે જગ્યા અંધારામાં ગરકાવ હતી તે સ્થાનો પર લાઈટો નવી નાંખી જગમગાટ કરી દેવામાં આવ્યો છે. ત્યારે મેડીકલ કોલેજ દ્વારા લાખો રૂપીયાની ફી વસુલવામાં આવે છે તેમ છતા વિદ્યાર્થીઓને સુવિધા પુરી પાડવામાં આવતી ન હતી. જયારે વિદ્યાર્થીઓ પણ વારંવાર ફરીયાદ કરીને થાકી ગયા હતા. ત્યારે વિદ્યાર્થીઓએ આજે અચાનક લાઈટો અને પંખા નવા નંખાઈ જતા રાહતનો શ્વાસ લીધો હતો.

સાદરા સંકુલમાં કવિ ઉમાશંકર જોષીની ૧૧૧મી જન્મ જયંતી ઉજવાઈ

ચિલોડા, તા. ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ તથા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વાર્તાકાર ઉમાશંકર જોષીની ૧૧૧મી જન્મ જયંતીની ઉજવણીએ પ્રાંતિજ કોલેજના અધ્યાપક ડૉ. સતિષ પટેલે ઉમાશંકર જોષીના વિવિધ કાવ્ય સંગ્રહો, વાર્તા સંગ્રહો વિષય ઉપર મનનીય વાર્તાલાપ કરી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. સંકુલ સંયોજક પ્રા. રમેશભાઈના સ્વાગત બાદ પરિચય બળદેવભાઈ મોરીએ કરાવ્યો જ્યારે આભારદર્શન ડૉ. ગાયત્રી દત્ત મહેતાએ કર્યુ. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવુંએ કાર્યક્રમનું સંચાલન કર્યું.

ગાંધીનગર શહેરમાં ભલે વરસાદ થોડો આવ્યો હોય પરંતુ વરસાદી પાણીના કારણે અનેક સમસ્યાઓ સર્જાઈ છે. સરગાસણમાં સ્વાગત ફ્લેમિંગો જવાનો રોડ વરસાદમાં ધોવાઈ ગયો છે. અહીંથી પસાર થતાં વાહનચાલકોને તેના કારણે હાલાકી પડી રહી છે.

શેરથા પરા ખાતે સામાન્ય બાબતે બે પરિવારો વચ્ચે મારામારી

ગાંધીનગર, તા.૨૧

શરેથા પરા કસ્તુરીનગર ખાતે વાલ્મિકી વાસ ખાતે સામાન્ય બાબતે બે પરિવારો વચ્ચે લાકડીઓ ઉછળી હતી. જયારે એક યુવકને કપાળના ભાગે લાકડી મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા બળદેવભાઈ વાઘેલાએ ચાર વ્યકિત સામે ફરીયાદ નોંધાવી છે. તો બીજતરફ દિપક વાઘેલાએ પણ ત્રણ વ્યકિત સામે પોતાના ભાઈને લાકડી અને ગડદાપાટુનો માર મારી ગાળાગાળી કરી મારી નાંખવાની ધમકી આપતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પી.કે. ચૌધરી કોલેજમાં અર્બન હોર્ટિકલ્ચર વિશે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પ્રાકૃતિક ખેતી વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં ઓર્ગેનિક ખેતી દવા, ખાતર વગર થતી ખેતી ઉપર ડૉ. દિનેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.એમ. ચૌધરીએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો અને ખેતી વિશે સારી માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કુલ ૧૨૫ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. આ કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. સજ્જનબેન ચૌધરીએ કર્યુ હતુ.

રેડિયન્ટ સ્કૂલમાં 'રેઈની-ડે'ની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

સરગાસણ સ્થિત ટી.પી. નં. ૯ વિસ્તારમાં આવેલ રેડિયન્ટ સ્કૂલમાં ૨૦ જુલાઈ-૨૦૨૨ના રોજ પૂર્વ-પ્રાથમિક વિભાગમાં અભ્યાસ કરતા નાના ભૂલકાંઓ માટે 'રેઈની-ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને ચોમાસા ઋતુની વાસ્તવિક રીતે ઓળખ કરાવવાના આગવા અભિગમ સાથે સદર ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે બધા બાળકો શાળામાંથી મળેલ સૂચના મુજબ રેઈનકોટ અને છત્રી લઈને શાળામાં આવ્યા હતા. કુદરતી વરસાદની ગેરહાજરીમાં શાળા દ્વારા કૃત્રિમ વરસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. કુત્રિમ વરસાદમાં બધા બાળકોએ છત્રી અને રેઈનકોટ પહેરી ખૂબ મસ્તી કરી અને વરસાદમાં ભીંજાવાનો અનેરો આનંદ માણ્યો હતો. શિક્ષકમિત્રો દ્વારા બાળકોને ચોમાસા ઋતુ અને વરસાદ વિશેની તેમજ મેઘધનુષ્યના સાત રંગો વિશેની સુંદર માહિતી પીરસવામાં આવી હતી. વર્ગખંડમાં તેને લગતી પ્રવૃત્તિ કરાવી કાગળમાંથી નાવડી, છત્રી વગેરે વસ્તુઓ બનાવવામાં આવી અને બાળકોને આપવામાં આવી. આ દિવસે બધા બાળકોએ ખૂબ મોજ કરી હતી.

શહેરના સેકટર-૧૨ આંબેડકર ભવન ખાતે મહાસંમેલન અંગે બેઠક યોજાશે

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે આગામી તા.૨૪ જુલાઈના રોજ બપોરે ૧.૩૦ થી ૪.૩૦ દરમિયાન મહાસંમેલન અંતર્ગત બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે.

વિરાટ દેવીપુજક સંઘ, આદિમ મહાસંઘ અને વિચરતી વિમુકત જાતિના પરિવારજનોને જે લાભો મળતા નથી તેના ભાગરૂપે આગામી દિવસોમાં યોજાનાર સ્વતંત્રતા દિવસે મહાસંમેલનને અનુલક્ષી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં બજાણીયા, બાવરી, પારધી, સલાટ, ભાંડ, કોટવાડીયા, વાદી, વણઝારા, વાંસફોડા સહિત અન્ય વિચરતી વિમુકત જ્ઞાતિઓના અગ્રણીઓને ઉપસ્થિત રહેવા માટે વિરાટ દેવીપુજક સંઘના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયાએ અનુરોધ કર્યો છે.

આજે જિલ્લાના તમામ ખાનગી દવાખાના બંધ રહેશે

ગાંધીનગર, તા. ૨૧

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ગાંધીનગર એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ૨૨મી જુલાઈ શુક્રવારના રોજ રાજયભરના તમામ પ્રાઈવેટ ડોકટર્સની હડતાલ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના તમામ ખાનગી દવાખાના તથા તમામ હોસ્પિટલો સંપૂર્ણપણે બંધ રહેશે. ફાયર એનઓસી તથા આઈ.સી.યુ.ના નવા નિયમો અંતર્ગત થયેલા અલગ અલગ આદેશોના વિરૂદ્ધમાં એક દિવસની પ્રતિક હડતાલરૂપે આ વિરોધ નોંધાવવાનું રાજયકક્ષાએથી નક્કી થયું છે. કોરોના કાળમાં ભગીરથ સેવા કરનારા તમામે તમામ ખાનગી દવાખાનાઓના તબીબોને અલગ અલગ પ્રકારના નિયમો અંતર્ગત જે પ્રકારની મુશ્કેલીઓ પડી રહી છે તે માટે સરકારનું ધ્યાન દોરવા માટે આ એલાન આપવામાં આવેલ છે. તાજેતરમાં તા. ૩૦-૬-૨૨ના રોજ ગુજરાતની હાઈકોર્ટે રીટ પીટીશન નંબર ૧૧૮/૨૦૨૦માં મૌખિક આદેશ અનુસાર રાજય સરકારને જેમાં ગ્રાઉન્ડ ફ્લોર પર જ આઈસીયુ હોવું જોઈએ તેમજ કાચના ગ્લાસ દૂર કરવા વગેરે અંગે અમુક જોગવાઈઓ લાગુ કરવા સુચના આપવામાં આવેલી છે. રાજયભરની હોસ્પિટલોને દિન ૭માં તેનું પાલન કરવા નોટીસો પણ મળી રહી છે. જે તદ્દન પાયાવિહોણી અને અતાર્કિક છે. કેટલીક જોગવાઈઓ એવી છે કે જેનો વૈજ્ઞાનિક આધાર નથી અને તેનો અમલ પણ શક્ય નથી. સામાન્ય જનતા, તબીબી વ્યવસાયિકો અને હોસ્પિટલોના વિશાળ જનહિતને જાળવી રાખવા અને રાજય સરકારના એકપક્ષીય નીર્દેશોનો વિરોધ કરવા માટે તા. ૨૨ જુલાઈ-શુક્રવારના રોજ સવારના ૮ વાગ્યાથી ૨૪ કલાક માટે ગાંધીનગર શહેર તેમજ જિલ્લાની તમામ ખાનગી હોસ્પિટલ, દવાખાના, કોર્પોરેટ હોસ્પિટલ, નર્સિંગ હોમ, પ્રસુતિગૃહ, લેબોરેટરી, રેડીયોલોજી સેન્ટર, ઓ.પી.ડી. તેમજ દરેક પ્રકારની ઈમરજન્સી સર્વિસ બંધ રાખવામાં આવશે.

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં વૃક્ષારોપણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

જે.એમ. ચૌધરીમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નર્સરી, જુ.કે.જી., સી.કે.જી.ના નાના-નાના ભૂલકાંઓ સાથે દરેક શિક્ષિકા બહેનો તથા આચાર્યા અંજનાબેન ચૌધરીએ ભાગ લીધો હતો.

દરેક બાળકો અલગ-અલગ ફૂલ-છોડ, ઝાડના રોપા લાવીને આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સેકટર-૨૮ જીઆઈડીસી વિસ્તારમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. પાટનગરમાં વાહન ચોરી અટકવાનું નામ લેતી નથી. સીસીટીવીથી સજ્જ શહેરમાં પણ ચોર શખ્સો વાહન ચોરી સિફતપૂર્વક પલાયન થઈ જાય છે. નગરના ભીડભાડવાળા વિસ્તારમાંથી રોજ વાહન ચોરી થવાની ફરીયાદો ઉઠે છે. ત્યારે શહેરની સેકટર-૨૮ જીઆઈડીસી સ્થિત કલ્પતરૂ કંપનીના ગેટની બહાર ખુલ્લા પાર્કીંગમાંથી બાઈકની ઉઠાંતરી થવા પામી છે. બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે યુવકે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગતર મુજબ પેથાપુર સ્વપ્નવીલા -૨ ખાતે રહેતા અશોકભાઈ ભીખાભાઈ પરમાર સેકટર-૨૮ કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લીમીટેડ કંપનીમાં ફરજ બજાવે છે. નોકરીએ આવન-જાવન માટે હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.એલ.-૯૧૭૬ નો ઉપયોગ કરતો હતો. ત્યારે ગત તા.૧૮ જુલાઈના રોજ બપોરે ૪.૧૫ કલાકે બાઈક લઈ નોકરી પર સેકટર-૨૮ ખાતે ગયો હતો. ત્યારબાદ યુવકે કલ્પતરૂ કંપનીના ગેટની બહાર બાઈક પાર્ક કરી લોક મારી નોકરી પર ગયો હતો. જયારે રાત્રીના ૮ વાગે જમવા માટે બાઈક લેવા માટે જતા પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી આસપાસના વિસ્તારમાં બાઈકની શોધખોળ આદરી હતી.તેમ છતા બાઈક મળી આવ્યું ન હતું. જેને પગલે યુવકે રૂ.૧૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા તેઓની વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે આંદોલન શરૂ કર્યુ છે. સત્યાગ્રહ છાવણી ખાતે આરોગ્ય કર્મીઓએ ધરણા યોજી પડતર માંગણીઓ સંદર્ભે રજૂઆત કરી હતી.

શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા પાલજ, ખોરજ, પોર, સે. ૧૩ ખાતે સદસ્યતા ઝુંબેશ

વિવિધ વિસ્તારોમાં જનસંપર્ક કરી ભાજપના નવા પ્રાથમિક સભ્યો બનાવતી મહિલા મોરચા પાંખ

ગાંધીનગર, તા. ૨૧

ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ તેમજ મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટની આગેવાની હેઠળ શહેર ભાજપ દ્વારા ભાજપા સદસ્યતા અભિયાન હેઠળ સંગઠનના તમામ મોરચા અને વિભાગો દ્વારા જનસંપર્કના માધ્યમથી નવા પ્રાથમિક સદસ્યો બનાવવાની નોંધપાત્ર કામગીરી થઈ રહી છે ત્યારે ગતરોજ શહેર મહિલા મોરચા દ્વારા પાલજ, ખોરજ, પોર તેમજ સે. ૧૩ ખાતે સદસ્યતા ઝુંબેશ અંતર્ગત મિટિંગ કરી વિવિધ વિસ્તારોમાં જનસંપર્ક કરી નવા સભ્યો બનાવ્યા હતા. જેમાં પ્રદેશ મહિલા મોરચા ઉપપ્રમુખ ચંદ્રિકાબેન, ગાંધીનગર મહાનગર મહિલા મોરચા પ્રમુખ પ્રિયાબેન પટેલ, ઉપપ્રમુખ ઉર્મિલાબેન, ભાર્ગવીબેન, નયનાબેન, મંત્રી ભારતીબેન, ગીતાબા, કોર્પોરેટર મીરાબેન, પ્રેમલતાબેન, ભાવનાબા, સવિતાબેન, ઉષાબેન, સેજલબેન, વોર્ડ મહિલા મોરચા પ્રમુખ રંજનબેન, પુષ્પાબેન, ક્રિષ્ણાબેન તેમજ સ્થાનિક બહેનો ઉપસ્થિત રહ્યા હતી.

INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
Ramkrishna Paramhans Education Complex,
Nr. Mahatma Mandir, 'KH'-5, Sector-15, Gandhinagar

ઈ-ટેન્ડરી નોટીસ ૦૧/૨૦૨૨-૨૩ (બીજો પ્રયત્ન)

આઈ.આઈ.ટી. - સેક્ટર-૧૫, ગાંધીનગર હસ્તકના મુખ્ય સંકુલ ખાતે વર્કશોપ તેમજ સ્ટોરેજ અને સ્વિમિંગ પુલ અપગ્રેડેશન માટેની કામગીરી હેતુ ટેન્ડર તા. ૨૮/૭/૨૦૨૨ સુધી ઓનલાઈન ભરી શકશે. તેમજ તા. ૨૯/૭/૨૦૨૨ સાંજ સુધીમાં પહોંચાડવાના રહેશે.

રસ ધરાવતા ઈજારદારોએ www.nprocure.com પરથી ટેન્ડર ડાઉનલોડ કરી ભરી શકે છે.

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૧/૭/૨૦૨૨
માહિતી/૯૪૧/૨૨-૨૩

પ્રો. (ડો.) હિમાંશુ પટેલ
કુલસચિવ

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૦ સને ૨૦૨૨-૨૩
આઈ.ડી. નં. ૫૩૩૭૬૦૧

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી જી-૨ જુથ પા.પુ. યોજના અંતર્ગત મોટા જલુન્દ્રા ગ્રુપના વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માટે મરામત અને નિભાવણીની કામગીરીના રૂ. ૧૫૬.૯૯ લાખ માટેઁ.ફ.ર્દ. ૫૩૭૬૦૧ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૫/૮/૨૦૨૨ વેબસાઈટ પર મુકવામાં આવે છે અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમના મુળ દસ્તાવેજોના કવર ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તા. ૬/૮/૨૦૨૨ના રોજ ૫ વાગ્યા સુધીમાં R.P.A.D./ Speed Post / Hand Delivery થી ઉપરના સરનામે પહોંચતા કરવાના રહેશે.

'ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગટર વ્ય.બોર્ડના હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬ પર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

સંપર્ક મોબાઈલ નં. : ૯૮૭૯૨૦૯૬૯૮
માહિતી/૯૩૮/૨૨-૨૩